જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.30/૧૦/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૮૬૪/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૮ | ૦ | ૧૦૬૭૮ | ૧૬૮૦૮ | ૦ | ૧૬૮૦૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૦ | ૦ | ૫૦ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૨૪૮ | ૧૪ | ૧૫૨૬૨ | ૧૬૦૮૦ | ૧૮ | ૧૬૦૯૮ |
| | કુલ | ૩૦૩૨૨ | ૧૪ | ૩૦૩૩૬ | ૩૮૯૭૫ | ૧૮ | ૩૮૯૯૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૬ | ૯,૬૬,૭૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૧૬ | ૧૧,૧૬,000/- |

# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## પી.સી.બી. :

## "આનંદનગર પોલીસ સ્ટેશનની હદમા ઘરમા સંતાડેલ ભારતીય બનાવટનો વિદેશી દારુની બોટલો નંગ- ૭૨ કિ.રૂ.૪૫,૮૬૫/ ના મુદામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પીસીબી ઈન્ચાર્જ પો.ઈન્સ..શ્રી એ.ડી.ચાવડાના માર્ગસર્શન હેઠળ તા.૨૯.૧૦.૨૦૨૦ ના રોજ સ્ટાફના હે.કો.યોગેન્દ્રસિહ હઠીસિહ તથા હે.કો.મુકેશભાઈ રામાભાઈ તથા અ.હે.કો.મયુરધ્વજસિહ રાજેંદ્રસિહ તથા વિજયસિહ હિંદુજી વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મુકેશભાઈ રામાભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે મકાન નં. ૫૭/૧૮૦૮ કુષ્ણધામ વિભાગ.૨ પ્રહલાદનગર નજીક વેજલપુર અમદાવાદ શહેર ખાતેથી રેઈડ કરી આરોપી દિનેશભાઈ કાળુજી કલાલ ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૭૨ કિ.રુ.૪૫ê૮૬૫/ સાથે પક્ડી લઈ તેની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી આનંદનગર પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન. ૧૧૧૯૧૦૧૨૦૦૬૯૭/૨૦૨૦ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(૧)(બી) મુજબ નો ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપી :** દિનેશભાઈ કાળુજી કલાલ ઉ.વ.૩૬ રહે.મકાન નં.૫૭/૧૮૦૮ કુષ્ણધામ વિભાગ.૨ પ્રહલાદનગર નજીક વેજલપુર અમદાવાદ શહેર

**ગુનાની જગ્યા :** પકડાયેલ આરોપીના કબ્જા ભોગવટા વાળા મકાન નં. ૫૭/૧૮૦૮ કુષ્ણધામ વિભાગ.૨ પ્રહલાદનગર નજીક વેજલપુર અમદાવાદ શહેર

**પકડાયેલ મુદામાલ :** ભારતીય બનાવટની વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની બોટલ નંગ.૭૨ કિ.રૂ.૪૫,૮૬૫/- ની મતાનો



# પાસા અટકાયતીની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :

## પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમની પાસા અટકાયત કરી સુરત જેલ મોકલી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ અધીક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવુત્તિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુત્તિ આચરતા આરોપી યાકુબ કમાલભાઈ જાતે શેખ ઉ.વ.૩૩ રહે.અલતહા સોસાયટી ખ્વાજાનગરની પાછળ નારોલ અમદાવાદ શહેર હાલ રહે.મ.નં.એ/૮, ગોસપાર્ક નુરનગર પાસે ગોલ્ડન સિનેમાની પાછળ વટવા અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નોઓને મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૧૧૫૨/૨૦૨૦ તા.૨૯/૧૦/૨૦૨૦ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદરી આરોપીની પાસા અટાકાયતીની બજવણી આજ રોજ તા.૨૯/૧૦/૨૦૨૦ કલાક –૨૧/૦૦ વાગ્યે કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા. ૨૯/૧૦/૨૦૨૦

**સારી કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ :-**

પો. ઇન્સ. એસ.એ.ગોહિલ  નારોલ પો.સ્ટે.

પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦

**આરોપીનો ફોટો :-**



## રાણીપ પોલીસ સ્ટેશન :

## રાણીપ પો. સ્ટે. દ્વારા મિલકત સબંધી ગુનો  કરતા ઇરાની ગેંગ ના ઇસમની પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ ,અમદાવાદ શહેર નાઓની સુચના હેઠળ તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ ના હુકમ અનુસાર અમદાવાદ શહેર ના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તાર માં દાખલ થયેલ મિલકત સબંધી ગુનામા પકડાયેલ આરોપીઓ દ્વારા આચરવામા આવતા ગુનાની આ પ્રવુત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા અંગે સુચન કરેલ હોઇ જે સુચના આધારે અત્રેના પો.સ્ટે. વિસ્તારમાં તેમજ નારોલ પો.સ્ટે તેમજ વટવા પો.સ્ટે વિસ્તાર માં મિલકત સબંધી ગુના મા પકડાયેલ ઇરાની ગેંગ નો ઇસમ (૧) વસીમઅબ્બાસ સન/ઓ સીરાજ જાતે શિયા ઉં.વ.૩૬ રહે. રૂમ નં-૪ દત્તા ચાલ ,, ઇંદીરાનગર , આમ્બેવલી રેલ્વે સ્ટેશન પાસે ,આંબેવલી ,ગામ ,તા.ક્લ્યાણ જી.થાના મહારાષ્ટ્ર નાને  પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા હુકમ નંબર ક્માંક/પીસીબી/ ડીટીએન/પાસા/૧૧૪૮/૨૦૨૦ તા.૨૯/૧૦/૨૦૨૦ અન્વયે  પાસા હેઠળ અટકાયત કરી આરોપીને પાસા હુકમની બજવણી કલાક ૨૦/૫૦ વાગ્યે કરી રાજકોટ જેલ  ખાતે અટકાયતમાં રહેવા સારુ યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે. તા.૨૯/૧૦/૨૦૨૦



## જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :

## મિલ્કત સબંધી ચોરીના ગુનાઓમાં પકડાયેલ આરોપીની પાસા હહેઠળ અટકાયત કરતી જી.આઇ.ડી.સી. વટવા પોલીસ

જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ (૧) પાર્ટ-એ ગુ.ર.ન. ૧૧૧૯૧૦૧૯૨૦૦૦૬૪/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૭૯ (૨) પાર્ટ-એ ગુ.ર.ન. ૧૧૧૯૧૦૧૯૨૦૦૦૭૦/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૭૯,૧૧૪ ગુનામાં પકડાયેલ ઉપરોક્ત આરોપી વિરૂધ્ધ મે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ પાસા હુકમ પીસીબી/ડીટીએન/પાસા/ ૧૧૩૫/૨૦૨૦ તા.૨૮/૧૦/૨૦૨૦ ના રોજથી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે અટકાયત હેઠળ મુકવાનો હુકમ કરેલ હોય જેથી આરોપીને પકડી લાવી પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી સારી કામગીરી કરેલ છે.

**આરોપીઓનું નામ સરનામુ**

રાજુ ઉર્ફે મુકેશ વનરાજસિંહ ઝાલા (દરબાર) ઉવ.૨૩

રહે, મકાન નં.૭ અશ્વર્યાપાર્ક જશોદાનગર ચોકડી પાસે જશોદાનગર અમદાવાદ શહેર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-        સમાચાર યાદી નં.૧૮૬૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી ૫૩ લીટર દેશી દારૂ, ૨૪૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૮ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૫૦ બોટલ બીયર અને ૦૧ ટ્રક કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૯૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-        સમાચાર યાદી નં.૧૮૬૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-        સમાચાર યાદી નં.૧૮૬૭/૨૦૨૦**

**સાબરમતી** : દીપકકુમાર રમેશભાઈ પટેલ (ઉ.વ.૩૭)(રહે,આર્યમાન આનંદપાર્ટી પ્લોટ રોડ ન્યુ રાણીપ સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૦/૨૦૨૦ રાતના ૧૧/30 થી તા.૨૯/૧૦/૨૦૨૦ સવારના ૬/૪૦ વાગ્યા દરમ્યાન ન્યુ રાણીપ બાલેશ્વર પ્લાઝા દુકાન નં-03 ખાતે આવેલ “અગોરી પાન પાર્લર” નામના પોતાના પાન પાર્લરના શટરનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ પાર્લરમાં પ્રવેશ કરી, ટેબલના ડ્રોઅરમાંથી આશરે રૂપિયા ૮૨,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.દેસાઇ ચલાવે છે.

**ચોરી :-        સમાચાર યાદી નં.૧૮૬૮/૨૦૨૦**

**એરપોર્ટ** : યોગન અમરનાથ ગુરૂરામનાથજી (ઉ.વ.૫૦)(ધંધો.પુજારી)(રહે.હિંગળાજ માતાના મંદીરમાં, પ્રિસ્ટાઇન હોટલ સામે ટેકવાલી ગલી ના નાકા પાસે, એરપોર્ટ સર્કલ સરદારનગર) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧૦/૨૦૨૦ ના કલાક ૭/૧૫ થી ૭/30 વાગ્યા દરમ્યાન હિંગળાજ માતાના મંદીરમાં એક અજાણ્યો પુરૂષ (૪૦ વર્ષના આશરાનો) રૂપિયા ૨૦૦૦ ના છુટા લેવાના બહાને અંદર આવી, યોગનભાઇ એ પહેરેલ “સોનાનો દોરો રૂપિયાને અડાડો” તેમ કહેતા યોગનભાઇએ દોરો કાઢી આપતા દોરાને સુટકેશમાં મુકી તે સુટકેશ તેમજ કબાટમાંથી રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૫,૦૦૦/- મતાની ચોરી કરી નાસી ગયો હતો. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પ્રજાપતિ ચલાવે છે.

**શહેરકોટડા** : વિપુલભાઇ લાભુભાઇ પટેલ (રહે,અરવિંદપાર્ક સોસાયટી ચંન્દ્રપ્રકાશ દેસાઇ હોલની પાસે બાપુનગર) એ તા.૨૯/૧૦/૨૦૨૦ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૮/૨૦૨૦ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર શ્યામશિખર કોમ્પલેક્ષ પહેલા માળે દુકાન નં.૧ "પ્રિતિ ડાયમંડ એંડ ગોલ્ડ જ્વેલર્સ" નામની પોતાની દુકાનમાં એક અજાણી સ્ત્રી (૨૫ થી ૩૦ વર્ષના આશરાની) આવી નજર ચુકવી દુકાનમાંથી બે સોનાની વિંટી કિંમત રૂપિયા ૬૧,૦૦૦/- ચોરી કરી લઇ લઇ ગઇ હતી. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.પરમાર ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૮૬૯/૨૦૨૦**

**ઇસનપુર** : ઓમપ્રકાશ તેજામલ મહેશ્વરી (ઉ.વ.૪૩)(રહે.ધ્વનિ ટેનામેંટ મ્યુનિ. સ્કુલની પાસે ઇસનપુર)એ અગમ્ય કારણસર તા.૨૯/૧૦/૨૦૨૦ ના કલાક ૦૦/૦૦ પછી કોઇપણ સમયે પોતાના ઘરે રૂમમાં કપડાનો છેડો પંખા સાથે બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાવજીભાઇ નાથાભાઇ ચલાવે છે.

**કાગડાપીઠ** : વસંતબેન વા/ઓ મહેશભાઇ વેગડા (ઉ.વ.૪૦)(રહે.બળદેવનગર, મજુરગામ પાસે, ગીતામંદિર રોડ) એ અગમ્ય કારણસર તા.૨૯/૧૦/૨૦૨૦ ના કલાક ૬/૫૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે કપડાની પટ્ટી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એ.જાડેજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી